ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૨/૧૯-૨૦/ 2244 તારીખ : 01 JUL 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૩૨/૧૯-૨૦

પ્રતિ,
**સરપંચશ્રી,**
તરણેતર ગ્રામ પંચાયત,
મું.તરણેતર,
તા. થાનગઢ,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં.**

**વિષય : ભરેલ ડિપોઝીટ પરત ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૭/૨/૨૦૨૦ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૧/૨/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૨/૧૯-૨૦/૭૭૬ તા.૧૪/૨/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૨/૧૯-૨૦/૧૧૧૦ તા.૫/૩/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૨/૧૯-૨૦/૧૯૧૬ તા.૯/૬/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૮/૦૩/૨૦૨૦ તથા તા.૨૦/૦૬/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **થાનગઢ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

01C

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૩૨/૧૯–૨૦** ☜

વાદી :– સરપંચશ્રી, તરણેતર ગ્રામ પંચાયત,

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– તા.૧૮/૦૩/૨૦૨૦ તથા તા.૨૦/૦૬/૨૦૨૦** ◈

હાજર રહયા :– સરપંચશ્રી, તરણેતર ગ્રામ પંચાયત – (વાદી પોતે હાજર રહેલ નહી)

પ્રતિવાદી :– શ્રી એમ.વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

સરપંચશ્રી, તરણેતર ગ્રામ પંચાયત, મું.તરણેતર, તા.થાનગઢ, જી.સુરેન્દ્રનગર ની ભરેલ ડિપોઝીટ પરત ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૨/૧૯–૨૦/૭૭૬ તા.૧૪/૨/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૩/૨૦૨૦ અને તા.૨૦/૦૬/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીશ્રી સરપંચશ્રી, તરણેતર ગ્રામ પંચાયત હાજર રહેલ નહી તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી. ઝાલા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સરપંચશ્રી તરણેતર ગ્રામ પંચાયત દ્વારા દર વર્ષે પેટા વિભાગીય કચેરી, થાનમાં મેળા માટે નવ હંગામી વિજ કનેકશન માંગવામાં આવે છે.

૧.૨ સરપંચશ્રી તરણેતર ગ્રામ પંચાયત દ્વારા લોકમેળા માટે વર્ષ–૨૦૧૭, વર્ષ–૨૦૧૮ અને વર્ષ–૨૦૧૯ માં હંગામી વિજ કનેકશન માટે ડિપોઝીટ ભરેલ હતી. જે ભરેલ ડિપોઝીટ પી.જી.વી.સી.એલ.દ્વારા પરત કરવામાં આવેલ નથી.

P.G.V.C.L.
Bhavnagar

૧.૩ વિજ કનેકશન માટે ડિપોઝીટ ભરેલ રકમ અને નિયમ મુજબ વ્યાજ ની રકમ સત્વરે પરત કરવા માટેની અરજી કરેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ વાદી દ્વારા તરણેતર મેળા માટે દર વર્ષે નવ વિજ કનેકશન માંગણી કરે છે. જે મુજબ વર્ષ–૨૦૧૭ થી વર્ષ–૨૦૧૯ સુધી કુલ ૨૭ હંગામી વિજ કનેકશન માંગવામાં આવેલ છે.

૨.૨ વાદી દ્વારા માંગવામાં આવતા હંગામી વિજ કનેકશન ડી કેટેગરી ના હોય છે. જેને લીધે વિજ કનેકશન ફાઈનલ કરવા માટે જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના હોય છે. જેના કારણે વિલંબ થાય છે.

૨.૩ વર્ષ–૨૦૧૭ માં માંગવામાં આવેલ કુલ નવ વિજ કનેકશન ફાઈનલ કરવામાં આવેલ છે. જેમાં સરપંચશ્રી, ગ્રામ પંચાયત તરણેતર પાસેથી ડિપોઝીટ ની રકમ સામે વિજ બિલ અને મીસેલીયન્સ ચાર્જ ની રકમ એડજેસ્ટ કરવામાં આવેલ છે.

૨.૪ વર્ષ–૨૦૧૮ માં માંગવામાં આવેલ કુલ નવ વિજ કનેકશન ફાઈનલ થયેલ છે. જેમાં સરપંચશ્રી, ગ્રામ પંચાયત તરણેતર પાસેથી ડિપોઝીટ ની રકમ સામે વિજ બિલ અને મીસેલીયન્સ ચાર્જ ની રકમ એડજેસ્ટ કરવામાં આવેલ છે.

૨.૫ વર્ષ–૨૦૧૯ માં માંગવામાં આવેલ કુલ નવ કનેકશન સામે ડિપોઝીટ ની રકમ સામે વિજ બિલ અને મીસેલીયન્સ ચાર્જ ની રકમ એડજેસ્ટ કરવામાં આવેલ છે.

૨.૬ મીસેલીયન્સ ચાર્જ સપ્લાય કોડ ની શરત ૪.૫૬ મુજબ અને નિગમીત કચેરી, રાજકોટ ના તા.૧૭/૧૧/૨૦૧૬ ના પત્રની ગાઈડલાઈન્સ મુજબ વસુલ કરવામાં આવેલ છે.

૨.૭ વર્ષ–૨૦૧૭ થી ૨૦૧૯ તમામ વિજ કનેકશન ફાઈનલ કરવામાં આવેલ છે. અને કોઈપણ રકમ વાદીને પરત કરવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી સરપંચશ્રી, તરણેતર ગ્રામ પંચાયત એ ફોરમને રજૂઆત કરેલ છે કે, તરણેતર ગામમાં ગ્રામ પંચાયત દ્વારા વર્ષ–૨૦૧૭–૧૮–૧૯ ના વર્ષમાં લોકમેળા નું આયોજન કરેલ તે માટે પ્રતિવાદી ની ઓફીસમાં હંગામી ધોરણ માટે ડિપોઝીટ ભરેલ. પરંતુ, આજ સુધી પ્રતિવાદી એ તે ડિપોઝીટ ફાઈનલ ન કરતાં, અમોને રીફંડ આપેલ નથી.

૩.૨ તા.૧૮/૩/૨૦૨૦ ના રોજ તેમજ તા.૨૦/૬/૨૦૨૦ ના રોજ લેખિત નોટીસ દ્વારા હાજર રહેવા માટે જણાવેલ. પરંતુ, સુનાવણી દરમ્યાન વાદી હાજર રહેલ ન હોઈ, પ્રતિવાદી એ કરેલ રજૂઆત પરથી એક પક્ષીય હુકમ કરવામાં આવે છે.

૩.૩ પ્રતિવાદીએ સુનાવણી દરમ્યાન વાદીએ ૨૦૧૭–૨૦૧૮–૨૦૧૯ ના વર્ષમાં માંગેલ વિજ જોડાણો સામે ભરેલ ડિપોઝીટ તેમજ તેની સામે ફાઈનલ બિલ ની એડજસ્ટ કરેલ રકમનું સ્ટેટમેન્ટ બનાવી ફોરમને રજૂ કરેલ છે.

૩.૪ પ્રતિવાદીએ રજૂ કરેલ સ્ટેટમેન્ટ મુજબ વર્ષ ૨૦૧૭ માં ૨૦૧૭–૨૦૧૮–૨૦૧૯ માં વાદીએ કુલ – ૯ હંગામી જોડાણ દરેક વર્ષમાં માંગેલ ૨૦૧૭ માં વાદીએ રૂા.૪,૯૦,૦૦૦/–, વર્ષ–૨૦૧૮ માં રૂા.૬,૬૦,૦૦૦/– તેમજ વર્ષ–૨૦૧૯ માં રૂા.૯,૪૫,૦૦૦/– હંગામી વિજ જોડાણ સામે ડિપોઝીટ પેટે રકમ ભરેલ છે.

૩.૫ પ્રતિવાદી ના ફાઈનલ બિલ મુજબ ૨૦૧૭ ના વર્ષ માં વાદી પાસેથી રૂા.૩,૨૨,૧૩૫/– રીકવર કરવાના રહે છે. ૨૦૧૮ ના વર્ષ માં પ્રતિવાદી એ વાદી ને રૂા.૧,૮૭,૯૭૦/– રીફંડ કરવાના રહે છે અને ૨૦૧૯ ના વર્ષ માં રૂા.૭૫,૫૫૬/– વાદી પાસેથી રીકવર કરવાના રહે છે.

૩.૬ પ્રતિવાદી ને હુકમ કરવામાં આવે છે કે, વાદી ને વર્ષ મુજબ ફાઈનલ બિલ આપી તેની રકમ જણાવીને વાદી ને જાણ કરવી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| ગેરહાજર | (પી. એમ. આજકીયા) | (એમ. આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી;** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– ૨૦.૦૬.૨૦૨૦

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar